# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૮ ૨૦૨૪ : ફેબ્રુઆરી

અંક : ૨ માસિક : રૂ. ૫/-



: તંત્રી :

શ્રી જગતભાઈ એચ. દવે

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



: પ્રકાશક :

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## સુજ્ઞ જ્ઞાતિજનો તથા બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો

જય ભારત સાથે જણાવવાનું કે બાજખેડાવાળ પત્રિકામાં અગાઉ જન્માક્ષરો ખૂબ જ પ્રમાણમાં આવતા હતા પરંતુ હાલ ઘણા બધા માધ્યમો જેવા કે, વ્હોટસએપ, ફેસબુક, મેરેજ કોન્ફરન્સ ચાલુ થયા હોવાને કારણે દિવસે દિવસે સંખ્યામાં ઘટાડો થતો જાય છે તથા ગામે ગામની પ્રવૃત્તિના જે અહેવાલ છપાતા હતા તે પણ હવે નહીવત થઈ ગયા છે જેને કારણે દરેક ગામે પોતાના વ્હોટસએપ ગ્રુપ બનાવેલ છે જે પ્રચાર પ્રસારનું માધ્યમ બનેલ છે. આપણે છેલ્લા ૬-૮ મહિનાથી પત્રિકાના અડધા પેજ છાપીને પ્રસિદ્ધ કરવાના પ્રયત્નોમાં હતા. આમ છતાં ૧૬ પેજની મેટર પૂરી પડતી નથી આવા સંજોગોમાં પત્રિકા બંધ કરવાની પણ ફરજ પડે. પરંતુ આપ સૌને પત્રિકા તો પહોંચાડવી જ છે. તેવા સંજોગોમાં નીચે મુજબની વિગતથી મોકલેલ માહિતીને સ્કેન કરી આપશ્રી પત્રિકાના વ્હોટસ અપ માધ્યમમાં જોડાઈ શકો છો.

**બાજખેડાવાળ પત્રિકા માટે**

**BAJKHEDAWAL PATRIKA2**

WhatsApp group

# તંત્રી લેખ...

## ફાનસ

આ ફાનસનો પણ એક સમયે વટ હતો.

ઘરમાં લગભગ ૩–૪ ફાનસ તો રહેતા જ. એક દાદાને ઓરડે. એક ઓસરીએ, અને એક નવ પરણેતરને ઓરડે. બાકીના ડામચિયો હોય ત્યાં બધાની લાઇનમાં પથારી થઈ જાય. સૌ સુઈ જાય સન્નાટો લાગે એટલે ફૂંક મારી ઓલવાય જાય. રસોડે પણ રસોઈ પૂરતું રખાતુ હોય સાંજના સમયે પણ બાકીના ફાનસો કેરોસીન અને વાટો બધાની ચેક કરી રાખતા. ફાનસ ના ગોળા રોજ સાંજે ચૂલાની રાખથી સાફ થતા. ચક્ચકિત આરપાર ચહેરો દેખાય એવા. ત્યારે મોંઘા લીક્વીડ ન હતા. બીગબઝાર પણ ક્યાં હતાં છતા સારી સફાઈ થતી. સ્ત્રીનું રુટીન હતું સવારથી રાત સુધીનું છતાં થાક જ નહીં.

ફાનસના આછા અજવાસમાં ગમાણમાં ગાયો ભેંસોને નીણ પણ નંખાતુ. ઓસરીએ પંગત પડે ત્યારે બે બાજુ એક એક ફાનસ ગોઠવતા. એ પ્રકાશમાં સરસ ઢીલી ખીચડી ઘીથી લસપસતી. કઢી હોય, રોટલા રોટલી, લોટવાળા મરચાં, કોઈ સરસ તેલ નીતરતું શાક, સ્વાદ વાળુ. રાતનું વાળુ થઈ જાય એટલે ફળીએ ફાનસ મૂકી વાસણ ઉટકાઈ જાય. ખાટલા પર ઉંધા મુકી દે એટલે નીતરી જતા. કાંસાની થાળી, તાંસળી, લોટો એવા વાસણો હતા. નોનસ્ટીક એટલે શું ? એ કદાચ ડીક્ષનરીમાં પણ આવ્યું નહી હોય. કઢી હોય તો સુતી વખતે દુધનો ગ્લાસ સૌ પોતપોતાના રૂમમાં લઈ જાય. દુધ ફરજીયાત પીવાનું જ એવું વડીલો કહેતા. દુધ પણ ફ્લેવર વગરનું, આ ફાનસના આછા પીળા પ્રકાશમાં ભણતા એ આજ કયા ના ક્યા પહોંચી ગયા છે સારું ભણીને ફાનસ કેટકેટલી સુંદર યાદોનું સાક્ષી રહ્યું હશે.

આજે વરસાદ પડે, લાઈટ જાય ત્યારે ચાઈનીસ લાઈટો અંધારૂ દૂર કરી દે એવી ઘરમાં આવી ગઈ છે, ઓટોમેટીક ચાલુ થઈ જાય પાછી ભૂતની જેમ આંખ અંજાય જાય તેવી જડુસ, પણ સાચું કહું ફાનસ સાથે જીવવાની મજા હતી હો.... એક ફાનસના આછા અજવાળાં એમાં રહેલી કુટુંબ ભાવના, ધીમો પ્રકાશ આંખોનું તેજ સાચવી રાખતો, મોતિયો તો લાડુ જ હોય એવી માત્ર ખબર હતી. આંખમાં હોય ? એ જડુસ લાઈટો આવ્યા પછી ખબર પડી.

ફાનસમાં વાંચનારને શિક્ષણ પણ સત્ય સાથે વિદ્યા દાન આપતા. ભણાવવાની રીત પણ ઠાવકી હતી, પીઢતા હતી ! વિદ્યાર્થીઓ અને ટીચર વચ્ચેની એક પૂજનીય વડીલ અને બાળક વચ્ચેના સંબંધોની સંસ્કારી રેખા હતી. જ્ઞાન આપનારને વંદનીય ગણાતુ પણ હવેની આજ બદલાઈ છે જે લખવા જેવુ રહ્યું નથી.

ફાનસ માત્ર ઓછું અજવાળું નહી પણ ઠંડીમાં હુંફ પણ આપતું. ઢોલિયાની બાજુમાં રાત આખી સળગે અને ઠંડી ઉડાડે. પાતળાં ગોદડાં ટાઢ જીલતાં. ખેતરે રાત્રે પાણી વાળવા જવાનું હોય એટલે સવારથી જ ફાનસ તૈયાર કરતા. વાટ ઊંચી, નીચી થાય છે કે નહીં ? કેરોસીન છે કે નહીં ? ફોટો બરાબર ઘસ્યો છે કે નહીં ? એ જમાનાનો આનંદ જ કઈ ઓર હતો. વળી દર દિવાળીએ ઓઈલપેઈન્ટની વાદળી કે લીલા રંગની ડબ્બી લાવી ફાનસને રંગવાનું જ.

મને ફાનસ ખુબ ગમતા. આજ પણ સાચવીને રાખ્યા છે. આજે પણ લાઈટ જાય તો દિવા કરું છું. મીણબત્તી નહી હવે ફાનસ મળે છે પણ ડીઝાઈનમાં આવવા લાગ્યા. અંદર ઝગમગતી વાટ નહી પણ બલ્બ ખોસી દીધા છે. લોકો હવે જુની ભાત ઉપસાવવા નવી રીત અજમાવવા લાગ્યા. લાગે છે કે ફાનસને ભુલ્યા નથી ભુલાય એવું પણ નથી આ ફાનસ....

**સંકલન – તંત્રી – શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ**

**વિશિષ્ટ સહાય ફંડ દાતા રૂ. ૨૫૦૧/–**



**સ્વ. પ્રીતિબેન મહેશભાઈ દવે**

**TRIBUTE**

YOUR RELENTLESS ENERGY AND
CARE FOR US WILL ALWAYS
ENCOURAGE US TO BE THE BEST
AND MAKE YOU PROUD EVERY DAY.

WE MISS YOU EVERY MOMENT **“MAA”.**
THANK YOU FOR NURTURING US
TO REFLECT YOUR VALUES.

**RIGNESH, JAYANA, SHILPESH & SNEHAL**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ દાતા રૂ. ૨૫૦૧/–



### સ્વ. પ્રીતિબેન મહેશભાઈ દવે

**પ્રી**તની બંસરી નિ:શબ્દ થઈ વિ.સં. ૨૦૮૦ના માગશરની અમાવસ્યાએ

**તિ**મિર છવાયું 'શંભુ' ના જીવનમાં તા. ૧૧–૦૧–૨૦૨૪ ગુરુવારની સંધ્યાએ

**મ**નની વાતો ભીતરમાં રહી, ચાલ્યા તમે અચાનક અનંતની યાત્રાએ,

**હે**બતાઈ ગયા આપ્તજનો સૌ, આપની અણધારી ઝડપી વિદાયે,

**શ**શીની કળાની જેમ આપે, સંકેલી સંસારલીલા અમાવસ્યાએ

**દ**ક્ષતા, ચોકસાઈ આપના સંભારે, 'જય–સ્નેહ', 'રિશી' સજળ નયને હંમેશા

**વે**દના અસહ્ય અનુભવે દાદા સંગ, મેહા, સ્તવન, પ્રીશા, રાવી હંમેશા,

કરે વિનંતી **મહેશ** કરજોડી પ્રભુને, અક્ષરધામમાં નિવાસ આપજો પ્રીતિને

**પ્રીતિ**

## શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

ઠે. અંબામાતાના મંદિર પાસે, ચારકુવાની ભાગોળ, સોજીત્રા-૩૮૭૨૪૦ જી. આણંદ (ગુજરાત)

### ઈનામ વિતરણ કાર્યક્રમ

શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ, સોજીત્રાના તેજસ્વી તારલાઓ કે જે વર્ષ ૨૦૨૨-૨૩માં ઉતિર્ણ થયા હતા. તેઓને સન્માનિત કરવા તા. ૧૭-૧૨-૨૦૨૩ના રવિવારના રોજ ઈનામ-વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સોજીત્રામાં વસવાટ કરતાં ૨૦ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા.

કાર્યક્રમની શરૂઆત કુ. વંશિતા જોષી અને જાન્વી દવેએ પ્રાર્થનાથી કરી હતી. આ કાર્યક્રમનું એન્કરીંગ કુ. હીના દવે તથા શ્રી કેયુરભાઈ ભટ્ટે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી ભાવિનભાઈ શુકલે કર્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિશ્રી ગીરીશભાઈ ઉમીયાશંકર દવે (હાલ યુ.એસ.એ.) હતા તથા અન્ય અતિથિ તરીકે ગીરીશભાઈનાં પત્ની મીનાબેન તેમના પુત્રી ડૉ. દિવ્યાબેન, તૃષ્ણાબેન, અમીબેન, જમાઈશ્રી રાકેશભાઈ પટેલ, શ્રી શિવમભાઈ દવે તથા શ્રી યોગેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમાજ તરફથી ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમના દાતાશ્રી ગીરીશભાઈ અને તેમનાં પરિવાર તરફથી દરેક વિદ્યાર્થીઓને સ્કૂલબેગ તથા ધો. ૧૦ થી ઉપરના અભ્યાસક્રમ ધરાવતાં અને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર કુલ સાત વિદ્યાર્થીઓને લેપટોપ આપી સન્માનિત કર્યા હતા.

દરેક આમંત્રિત મહેમાનોએ પોતાના વ્યક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓને સમાજમાં આવવા પ્રેરીત કર્યા. કાર્યક્રમના અંતે પ્રમુખશ્રી હરેશભાઈ દવેએ સંબોધન કર્યું. કાર્યક્રમની આભારવિધિ મંત્રીશ્રી સંદિપભાઈ ઠાકરે કરી હતી.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ દ્વારા સોજીત્રામાં વસવાટ કરતાં સમસ્ત બ્રહ્મ સમાજ માટે ભોજન-સમારંભનું આયોજન કર્યું હતું. સૌ બ્રાહ્મણોએ સાથે બેસીને ભોજનનો આનંદ માણ્યો.

કાર્યક્રમનાં અંતે સમાજની કમીટીએ દાતાશ્રી ગીરીશભાઈ તથા તેમના કુટુંબીજનોનો સહૃદય આભાર વ્યક્ત કર્યો. સમસ્ત કાર્યક્રમમાં સોજીત્રાના સર્વ જ્ઞાતિબંધુઓએ હાજર રહી કાર્યક્રમને શોભાયમાન કર્યો હતો.

| | | |
|---|---|---|
| **હરેશભાઈ દવે** | **સંદિપભાઈ ઠાકર** | **ભાવિનભાઈ શુકલ** |
| **પ્રમુખ** | **મંત્રી** | **ખજાનચી** |

---

## સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠ

### ઈનામ વિતરણ સમારંભ

સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠ તરફથી શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવાનો તથા રમોત્સવમાં અને ગીત સ્પર્ધામાં વિજેતા નીવડેલા બાળકો

તથા યુવાનોને ઈનામ વિતરણ કરવાનો સમારંભ તા. ૨૮-૧-૨૪ને રવિવારના રોજ બાજખેડાવાળ હોલ ખાતે રાખવામાં આવેલ. આ સમારંભમાં સમારંભના પ્રમુખ તરીકે હર્ષાબેન કુમુદચંદ્ર શેલત તથા મુખ્ય મહેમાન તરીકે શ્રી સુભાષચંદ્ર એસ. શેલત (માજી રાજ્યકક્ષાના મંત્રીશ્રી), આમંત્રિત મહેમાન તરીકે શ્રી કુમુદચંદ્ર એમ. શેલત, અતિથી વિશેષ તરીકે શ્રીમતી નીલાબેન સુરેશભાઈ જોષી (ઉપપ્રમુખ ઉ.ન.પા.) તથા સુરેન્દ્રભાઈ બાપાલાલ જોષી વિગેરે મહાનુભાવો હાજર રહેલા હતા. સભાની શરૂઆતમાં પ્રાર્થના કર્યા બાદ સૌ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ તથા પ્રમુખશ્રી જીતેન્દ્ર જોષીએ મહાનુભાવોનો ટુંકમાં પરિચય આપેલ.

સંસ્થાના પ્રમુખશ્રી જીતેન્દ્ર જોષીએ સૌ મહાનુભાવોનું તથા જ્ઞાતિજનોનું સ્વાગત કરેલ. આ સમારંભમાં ૬૫ ટકાથી વધુ ગુણ મેળવનાર ૫ થી ૧૨ ધોરણના ૪૭ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને તથા રમતોત્સવમાં પ્રથમ અને દ્વિતીય આવેલ તેવા ૩૬ બાળકો તથા યુવાનોને તથા ગીત સ્પર્ધામાં ભાગ લેનાર નવ સ્પર્ધકોને ઈનામ વિતરણ કરવામાં આવેલ.

આ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઈ પી. દવેના અણધાર્યા અને દુ:ખદ અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખેલ. પ્રમુખશ્રી જીતેન્દ્ર જોષીએ ખુબ દુ:ખની લાગણી વ્યક્ત કરતા તેમને આપેલ શ્રદ્ધાંજલિનું વાંચન કરેલ અને સમારંભમાં હાજર રહેલ સૌ સભ્યોએ બે મિનિટનું મૌન પાળી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરેલ.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પધારેલ શ્રી સુભાષભાઈ શેલતે વધુ જ્ઞાતિજનો સ્પર્ધામાં ભાગ લે, સંસ્કારનો વારસો જાળવી રાખે અને વિદ્યાભ્યાસ સારા ટકા સાથે કરે એવી ભાવના વ્યક્ત કરેલ અને સંસ્થાની પ્રગતિ માટે શુભેચ્છા પાઠવેલી.

આ સમારંભના પ્રમુખ શ્રીમતી હર્ષાબેન કુમુદચંદ્ર શેલતે તેમના પ્રવચનમાં જણાવેલ કે વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓએ ગીતાના શ્લોક કંઠસ્થ કરવા જોઈએ. આ અંગે વાઘનાથ ચકલા મુકામે ગીતાજ્ઞાનનો જે કાર્યક્રમ ચાલે છે, તેમાં સૌ જ્ઞાતિજનોએ રસ લેવો જોઈએ. જેથી બાળકોમાં સારા સંસ્કાર પડે.

હાજર રહેલ તમામ મહાનુભાવોનું, આમંત્રિતોનું, સ્પર્ધકોનું તથા દાતાશ્રીઓ અને હાજર રહેલ સૌ જ્ઞાતિજનોનો પ્રમુખશ્રી જીતેન્દ્રભાઈ જોષીએ આભાર માનેલો. તેમાંય ખાસ કરીને આમંત્રિત મહેમાન શ્રી કુમુદચંદ્ર એમ. શેલતનો આભાર માનેલો આ સમારંભના અંતે જે જમણવાર રાખેલ છે. તેનો તમામ ખર્ચ તેમના તરફથી આપવામાં આવશે, તેવી જાહેરાત કરેલી. સૌ જ્ઞાતિજનોએ તાળીઓના ગડગડાટથી તે જાહેરાતને વધાવી લીધેલ. આ સમારંભના અતિથી વિશેષ શ્રી સુરેન્દ્રભાઈ બાપાલાલ જોષીએ પણ આવતા વર્ષે ઈનામો લાવવા માટે રૂ. ૫૦૦૦/-ની ભેટની જાહેરાત કરેલી. જેને પણ સૌ જ્ઞાતિજનોએ હર્ષભેર વધાવી લીધેલ.

આ પ્રસંગે મંત્રી શ્રી કલ્પેશભાઈ જોષી, કન્વીનર શ્રી સુરેશભાઈ જોષી, સહમંત્રીશ્રી હિમાંશુભાઈ ભટ્ટ વિગેરે તમામ કારોબારી સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જે મહેનત કરેલી તે બદલ તેમનો પણ પ્રમુખશ્રીએ ખરા હૃદયથી આભાર માનેલ.

કાર્યક્રમ દરમ્યાન નીચે મુજબના દાતાઓએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો (૧) રૂ. ૫૦૦૦/– શ્રી સુરેન્દ્રપ્રસાદ બાપાલાલ જોષી (૨) રૂ. ૨૫૦૦/– શ્રી ગીરીશભાઈ પંડ્યા (યુ.કે.) હાલ આણંદ (૩) રૂ. ૫૦૦/– શ્રી વિપુલભાઈ કે. ભટ્ટ (૪) અન્ય જ્ઞાતિજનો તરફથી રૂ. ૧૫૫૨/–

આ સમારંભના અંતે ૩૦૦થી વધુ જ્ઞાતિજનોએ મિષ્ટાન્ન સાથેનું સ્વાદિષ્ટ ભોજન લઈ સૌ છુટા પડેલ. આ સંસ્થા કેળવણી સંસ્થા હોઈ વધુમાં વધુ દાતાઓ દાન આપે તેવી વિનંતી છે. આ અંગે શ્રી કલ્પેશભાઈ એસ. જોષી વ્યાસના ચોરા પાસે, ઉમરેઠ–૩૮૮૨૨૦ (મો.) ૭૮૭૪૩૭૧૨૩૭ને ક્રોસ એકાઉન્ટ ચેક મોકલી આપવા વિનંતી છે. જરૂર જણાય તેમનો રૂબરૂ સંપર્ક પણ થઈ શકશે.

જીતેન્દ્ર જોષી
પ્રમુખ

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, સુરત

તા. ૩૧–૧–૨૦૨૪ના રોજ બુધવારે મોરારજી દેસાઈ ગાર્ડન, અડાજણની સામે મલ્ટીપલ ગાર્ડનમાં સુરત ખાતે શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, સુરતની મીટીંગ બપોરે ૪.૦૦ કલાકે રાખવામાં આવેલી હતી.

સૌ પ્રથમ નયનાબેન શેલતે પ્રાર્થના ચાલુ કરી અને દરેક બહેનોએ તેમાં સુર પુરાવી વાતાવરણ આનંદમય બનાવ્યુ હતું. ત્યારબાદ સર્વ બહેનોને હાઉસી રમાડવામાં આવી હતી. તેમાં ઘણાં બહેનોએ જીતીને આનંદ કર્યો હતો. જેમાં

બામ્બુ લાઈનમાં (૧) વંદનાબેન ત્રિવેદી

૩ લાઈન વિજેતા (૧) પ્રેરણાબેન ત્રિવેદી (૨) દિપાલીબેન દવે (૩) રીનાબેન ભટ્ટ

ફુલ હાઉસી વિજેતા (૧) જયશ્રીબેન એમ. દવે (૨) ભાવનાબેન શેલત

આ રીતે બધા જ બહેનોએ મળીને ખુબ આનંદ કર્યો. ત્યારબાદ સર્વે બહેનોએ અલ્પાહાર કર્યો. સર્વે બહેનો પ્રેમથી મજા કરીને આનંદ સાથે સરસ નાસ્તો કરેલ ત્યારબાદ ક્રિષ્ણાબેન ત્રિવેદીએ આભારવિધી કરી છુટા પડ્યા હતા.

કેતકી દવે
પ્રમુખ

---

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ – અમદાવાદ

**લગ્નજીવન સુવર્ણ જયંતિ દંપતિ સન્માન મહોત્સવ – તા. ૧૭–૦૩–૨૦૨૪, રવિવાર**

આપ સૌ જાણો છો તેમ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ તા. ૧૭–૩–૨૪ને રવિવારના રોજ ૫૦ વર્ષ લગ્નજીવનને પૂર્ણ કર્યા હોય તેવા દંપતિઓને સન્માનિત કરવાના કાર્યક્રમનું આયોજન પિકનિક હાઉસ, કાંકરિયા, અમદાવાદ ખાતે કરવા જઈ રહી છે.

આ પ્રસંગને ૫૦ વર્ષ પહેલાનાં લગ્નની યાદ (વરઘોડો, જાન પોખવાનું, ગુરુદેવના મંત્રોચ્ચાર, જૂના ગીતો વગેરે) તાજી કરવાની જવાબદારી શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજની અને તેની સહયોગી સંસ્થાની છે.

આ પ્રસંગને વધુ યાદગાર બનાવવા માટે આપ સૌનો સહયોગ પણ જરૂરી છે. આ પ્રસંગમાં ભાગ લેવા માટે ફક્ત ટોકન રૂ. ૧૦૦/– (સવારનો ચા નાસ્તો, બપોરનું ભોજન અને સાંજની ચા) રાખવામાં આવેલ છે.

લગ્નજીવન સુવર્ણ જયંતિ દંપતિ સન્માન મહોત્સવ એટલે કે જે દંપતિને લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા હયાત દંપતિને સન્માનવાનો ભવ્ય ઉત્સવ. સર્વે જ્ઞાતિજનો સાથે, સમક્ષ અને સહભાગી થઈ આપણા ૫૦ વર્ષ પૂર્ણ કરેલ દંપતિનું સન્માન કરે ત્યારે તો તે કાર્યક્રમની આભા જ કંઈ અલગ હોય છે. જાણે તે દંપતિનો ૫૦ વર્ષ જૂના પોતાના સંસ્મરણો તાજા કરશે તેવો જાજરમાન કાર્યક્રમ એટલે લગ્નજીવન સુવર્ણ જયંતિ દંપતિ સન્માન મહોત્સવ.

આ કાર્યક્રમમાં સમગ્ર બાજખેડાવાળ જ્ઞાતિ સમાજના સર્વે સ્નેહીજનો હાજર રહીને દંપતિઓને પ્રોત્સાહિત કરશો. આ અંગેના ભોજન પાસ રૂ. ૧૦૦/–ની કિંમતે નીચે જણાવેલ સ્થળોથી સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે તા. ૧૧–૩–૨૦૨૪ સુધીમાં મેળવી લેશો.

(૧) શ્રી પ્રાણશંકરભાઈ હોલ – પ્રાણકુંજ સોસાયટી, કાંકરિયા, અમદાવાદ. ફોન ૦૭૯–૨૫૪૩૨૦૪૦ (૨) શ્રી કિરીટભાઈ દવે – ૫, કુમકુમ એપાર્ટમેન્ટ, જલારામ ખમણની ગલીમાં, દક્ષિણી, અમદાવાદ (મો.) ૯૮૭૯૭૫૨૮૦૫ (૩) શ્રી ભાવેશ પંડયા – ડી–૧, રાજદીપ એપાર્ટમેન્ટ, બાજખેડાવાળ સોસાયટી સામે, મણીનગર, અમદાવાદ (મો.) ૯૯૭૪૧૨૭૮૧૦

ઉપરોક્ત કાર્યક્રમ સંદર્ભની અન્ય વિગતવાર માહિતી માટે કન્વીનર શ્રી તરલભાઈ ભટ્ટ (મો.) ૭૦૪૬૦૨૩૯૨૨, સહકન્વીનર શ્રી આશિકભાઈ મહેતા (મો.) ૯૮૯૮૧૪૭૮૭૦ છે.

**શ્રી સ્નેહલભાઈ ભટ્ટ – પ્રમુખ** **શ્રી કિરીટભાઈ દવે – મંત્રી**

**સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સલાહકારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**શૈક્ષણિક ˙ડ**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા ચાલતી શૈક્ષણિક અને કેળવણી વિષયક યોજનાઓ દ્વારા જ્ઞાતિની તેજસ્વી દીકરીઓને પ્રોત્સાહન મળે તેવા અમારા પ્રયત્નો છે. આ યોજનાઓમાં (૧) ડૉ. ચંદ્રપ્રસાદ ત્રિવેદી પુસ્તક વિતરણ (અમદાવાદ સ્થિત) યોજના ધો. ૧ થી ૧૨ની વિદ્યાર્થીઓ માટે (દીકરીઓ)

(૨) કેળવણી વિષયક ઈનામ વિતરણ – ધો. ૧૦, ૧૧, ૧૨ તથા કોલેજના બધા જ ક્ષેત્રોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને શૈક્ષણિક ઈનામ આપવામાં આવે છે. (અમદાવાદ સ્થિત)

(૩) ઉમરેઠ– ડાકોર સ્થિત ધો. ૧ થી ૧૨ તથા કોલેજની દીકરીઓને શૈક્ષણિક ઈનામ વિતરણ શ્રી દેવાંગ મહેતા ટ્રસ્ટ તથા શ્રી ગંગાબા રાજારામ શેલત ટ્રસ્ટ અંતર્ગત આપવામાં આવે છે. આગામી જૂલાઈ માસમાં

(૪) સ્વ. શ્રી વિઠ્ઠલરાય જે. ભટ્ટ ટ્રસ્ટ ફંડ – ઉમરેઠ ડાકોર સ્થિત ધો. ૧૦ તથા ધો. ૧૨ના સૌથી તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ–વિતરણ શ્રી શીવગંગાબેન તથા શ્રી જેશંકર ભટ્ટના સ્મરણાર્થે મુકેલ ટ્રસ્ટ ફંડના વ્યાજમાંથી

(૫) સ્વ. શ્રી મનહરબાળા વિઠ્ઠલરાય ભટ્ટ મેડીકલ પારિતોષ–૨૦૧૭ – આ ટ્રસ્ટ ફંડ અંતર્ગત જ્ઞાતિની મેડીકલ ક્ષેત્રમાં અભ્યાસ કરીને પાસ થયેલ દીકરીઓને મેડીકલ પારિતોષીક આપવામાં આવે છે. (અમદાવાદ સ્થિત)

ઉપરોક્ત અમદાવાદ સ્થિત શૈક્ષણિક ઈનામ વિતરણ તથા પુસ્તક વિતરણના તમામ લાભ દરેક પાસ થયેલ વિદ્યાર્થીનીને આગામી ઓકટોબર માસમાં તા. ૦૭–૧૦–૨૦૨૪ને સોમવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦માં 'મંગલમ્ સ્ટોર્સ' કાંકરીયા, પુષ્પકુંજ ખાતેથી મળશે. જેથી દરેક પાસ થયેલ વિદ્યાર્થીનીએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ તા. ૦૧–૦૯–૨૦૨૪ થી તા. ૨૫–૦૯–૨૦૨૪ સુધીમાં મંગલમ સ્ટોર્સ પર પહોંચતી કરી દેવી તે પહેલા નહીં.

**અન્નપૂર્ણા સહાય યોજના**

અમારી સંસ્થા દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત ઉમરેઠ–ડાકોર સ્થિત જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમો જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાન–ફંડ મળતુ રહે છે. આ મહિને આ યાદી નીચે મુજબ છે.

(૧) શ્રી નરેન્દ્રભાઈ જી. પંડ્યા રૂ. ૧૦,૦૦૦/– (૨) શ્રી અર્ચનાબેન આર. ઠાકર રૂ. ૨,૦૦૦/– (૩) શ્રી હસુમતીબેન ભટ્ટ રૂ. ૫૧૧/– (૪) શ્રી સતીષભાઈ એસ. ભટ્ટ (શૈક્ષણિક અન્નપૂર્ણા ફંડ) રૂ. ૫૦,૦૦૦/– (૫) શ્રી ગીતાબેન દિનેશભાઈ દવે – વિદ્યોતેજક ફંડ રૂ. ૫૦,૦૦૦/–


**આગામી કાર્યક્રમો**

ગત તા. ૦૩–૦૨–૨૦૨૪ના રોજ સંસ્થા દ્વારા વિવિધ પ્રકારની હરિફાઈઓ યોજવામાં આવેલ જેમાં અલગ – અલગ કેટેગરી મુજબ કુલ ૫૬ જેટલા સ્પર્ધકોએ ભાગ લઈ દરેક સ્પર્ધાને જીવંત બનાવી હતી. (૧) આગામી મે મહિનામાં મહિલાઓને લગતા સેમીનાર યોજવામાં આવશે (૨) જૂન મહિનામાં ડાન્સ કોમ્પીટીશન જેવી તારીખ આગામી પત્રિકામાં આપવામાં આવશે.

| | |
|---|---|
| **મંત્રીશ્રી** | **પ્રમુખ** |
| **તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** | **દર્શનાબેન એ. ભટ્ટ** |

| | | |
|---|---|---|
| Name | : | Ku. Dr. Hetal Bharatkumar Bhatt |
| Height | : | 5‘-3’’ |
| Weight | : | 54 Kg. |
| Birth Date | : | March 05, 1993 |
| Birth Time | : | 05.05 p.m. |
| Birth Place | : | Anaheim, California, U.S.A. |
| Education | : | Medicine, 3nd Year Residency |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | - |
| Mother Name | : | Leenaben Bharatkumar Bhatt |
| Borther/Sisters | : | 1-Unmarried |
| Maternal Place | : | Umreth |
| Father | : | Bharatkumar Rajendraprasad Bhatt |
| Address | : | - |
| Mobile No. | : | 714-814-0282, 714-814-0283 |
| E-mail | : | bhattji1960@gmail.com, leenabhatt67@gmail.com |
| Choice | : | Well Educated, Family Oriented, Dharmik |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Chitralashya |
| Nakshatra | : | Ashlesha |
| Rashi | : | Kark |
| Nadi | : | Antya |
| Gan | : | - |
| Varna | : | Bhrahman |
| Yoni | : | Majar |
| Varg | : | - |




નામ : કુ. મયુરીબેન જયેશભાઈ દવે ઊંચાઈ : ૫'–૩'' વજન : ૪૨ કિલો

જન્મતારીખ : ૨૮–૧૨–૧૯૯૯ જન્મસ્થળ : રાજપીપળા જન્મસમય : ૦૭.૩૦ સવારે

અભ્યાસ : ધોરણ–૭ પાસ,

મૂળવતન : વસો વ્યવસાય : ઘરકામ

માસિક આવક : –




ગોત્ર : પૌનસ

રાશિ : સિંહ

નક્ષત્ર : પૂર્વા ફા.–૪

નાડી : મધ્ય

માતાનું નામ : મનિષાબેન જયેશભાઈ દવે

ભાઈ/બહેન : નથી

પિતાનું નામ : જયેશભાઈ પ્રવિણભાઈ દવે

સરનામું : ૧૪૦, ઔતંબા સોસાયટી, ખોડીયાર નગર પાસે,
વિધિયા નીકેતન હાઈસ્કૂલ પાસે, બાપુનગર, અમદાવાદ–૩૮૨૩૫૦

ફોન/મોબાઈલ : ૯૭૨૫૩૨૩૮૪૨

---


નામ : કુ. રાજવી નિલેશ પંડ્યા ઊંચાઈ : ૫'–૩'' વજન : કિલો

જન્મતારીખ : ૦૮–૧૧–૧૯૯૯ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૯.૫૭ સવારે

અભ્યાસ : બી.કોમ., પી.જી.ડી.સી.એસ.એ., ડીપ્લોમાં ફેશન અને ટેક્ષટાઈલ

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : –

માસિક આવક : –




ગોત્ર : ભારદ્વાજ

રાશિ : તુલા

નક્ષત્ર : વિશાખા

નાડી : અંત્ય

માતાનું નામ : નીમા નિલેશ પંડ્યા


ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત

પિતાનું નામ : નિલેશ અરવિંદભાઈ (બચુભાઈ) પંડ્યા

સરનામું : ૧૦૧, શ્રી રાધે એપાર્ટમેન્ટ, સત્યમ કોમ્પલેક્ષ પાછળ, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ–૩૮૦૦૧૫


ફોન/મોબાઈલ : ૯૭૨૫૩૪૭૧૯૭

નામ : ચિ. નીલ પારસકુમાર શુકલ ઊંચાઈ : ૫'-૬'' વજન : ૬૪ કિલો
જન્મતારીખ : ૧૯-૦૧-૧૯૯૩ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૧૧.૪૫ દિવસે
અભ્યાસ : એમ.સી.એ.
મૂળવતન : ડાકોર વ્યવસાય : બિઝનેસ
માસિક આવક : -
ગોત્ર : સામાનસ
રાશિ : વૃશ્ચિક
નક્ષત્ર : જ્યેષ્ઠા
નાડી : આદ્ય
માતાનું નામ : જાગૃતિબેન
ભાઈ/બહેન : -
પિતાનું નામ : પારસકુમાર બી. શુક્લ
સરનામું : ૯/૧૦, જયશિવશક્તિ સોસાયટી, સુનિધિ ટાવર પાછળ, જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧
ફોન/મોબાઈલ : ૯૯૧૩૯૩૨૨૫૮





---

નામ : ચિ. જય અનિલકુમાર વ્યાસ ઊંચાઈ : ૬'-૦૦'' વજન : ૭૦ કિલો
જન્મતારીખ : ૧૪-૦૬-૧૯૯૮ જન્મસ્થળ : ચેન્નઈ જન્મસમય : ૦૧.૫૦ કલાકે
અભ્યાસ : બી.કોમ., એમ.બી.એ. (ફાઈનાન્સ)
મૂળવતન : સોજીત્રા વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૬૫,૫૦૦/-
ગોત્ર : ગૌતમસ
રાશિ : મકર
નક્ષત્ર : શિર્વાણા
નાડી : -
માતાનું નામ : છાયાબેન અનિલકુમાર વ્યાસ
ભાઈ/બહેન : ૧-બહેન-અપરણિત
પિતાનું નામ : સ્વ. અનિલકુમાર બાબુભાઈ વ્યાસ
સરનામું : ૪૩, પૌન્નપાચટ્ટી સ્ટ્રીટ, ચેન્નાઈ-૩
હાલનું સરનામું : ૧૪-૩, ચંદ્રપ્રકાશ સોસાયટી, કાંકરીયા, અમદાવાદ-૨૨
ફોન/મોબાઈલ : ૯૯૪૧૮૬૫૦૬૩, ૯૮૪૧૪૫૩૯૭૨




| | | |
|---|---|---|
| Name | : | Chi. Dhiren Surendra Bhatt (UK) |
| Height | : | 5’-7’’ |
| Weight | : | 70 Kg. |
| Birth Date | : | 30-07-1993 |
| Birth Time | : | 06.57 p.m. |
| Birth Place | : | Walsall, West Midlands, WS5 4RX, London, UK |
| Education | : | B.Sc. (Hons) in Accounting & Finance From Birmingham University UK |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Sojitra |
| Mother Name | : | Hansaben Surendra Bhatt |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried, 2-Sisters-Married |
| Maternal Place | : | Sojitra/Ahmedabad, Gujarat, India |
| Father | : | Surendra Bapalal Bhatt |
| Address | : | 47, Aster way, Tamebridge, Walsall, West Midlands, WS5, 4RX, U.K. (England) |
| Phone No. | : | (+44) 07467741193 (Same for What’s APP) (Father) |
| E-mail | : | bhatts@hotmail.co.uk |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | Well Educated, Good in Nature, Family Oriented, Vegetarian, Our Culture, Tradition and Values, Preferably From U.K. India. |
| Gotra | : | Chitranas |
| Nakshatra | : | Mul |
| Rashi | : | Dhan |
| Nadi | : | Aadhya |
| Gan | : | Rakshas |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Swan |
| Varg | : | Under |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Parth Jagat Shukla |
| Height | : | 5‘-5’’ |
| Weight | : | 70 Kg. |
| Birth Date | : | 22-06-1999 |
| Birth Time | : | 05.08 p.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | B.Com (Eng. Medium), CA (Eng. Medium) |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Purvi Jagat Shukla |
| Borther/Sisters | : | Nil |
| Maternal Place | : | - |
| Father | : | Jagat Saileshbhai Shukla |
| Address | : | D-203, ‘Sharnam-3’, Nr. Hetvee Towers, Anandnagar Road, Ahmedabad-380015 |
| Mobile No. | : | 9825085619, 9427400090 |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | Well Educated, Family Oriented |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Pavnas |
| Nakshatra | : | Chitra |
| Rashi | : | Kanya |
| Nadi | : | Ardhya |
| Gan | : | Danav |
| Varna | : | Vaishya |
| Yoni | : | Vyadha |
| Varg | : | Bhujak |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Malav Manojkumar Dave (NZ PR) |
| Height | : | 180 cm |
| Weight | : | 78 Kg. |
| Birth Date | : | 20-12-1997 |
| Birth Time | : | 10.56 p.m. |
| Birth Place | : | Vadodara |
| Education | : | I.T. System Adminstration Diploma |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Bharuch |
| Mother Name | : | Chhaya Manojkumar Dave |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Rushikant G. Pandya (Canada)<br>Ajay G. Pandya (Umreth) |
| Father | : | Manojkumar S. Dave |
| Address | : | D-16, New Narayannagar Society, Vasna Road, Baroda-390007 |
| Phone No. | : | 9662332330, 9898764299 |
| Mobile No. | : | - |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | - |
| Note | : | Visiting to India in First Weak of December |
| Gotra | : | - |
| Nakshatra | : | Purva-tal |
| Rashi | : | Lion |
| Nadi | : | Madhya |
| Gan | : | Manushya |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Meet Kalpeshkumar Bhatt |
| Height | : | 5‘-8’’ |
| Weight | : | 65 Kg. |
| Birth Date | : | 26-12-1999 |
| Birth Time | : | 05.17 p.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | B.E. Electrical, Post Graduation - Renewable Energy Management |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | - |
| Mother Name | : | Rupal Kalpeshkumar Bhatt |
| Borther/Sisters | : | 1-Younger Sister |
| Maternal Place | : | Late Balmukund Dave, Diyaben B. Dave |
| Father | : | Kalpesh Rajendraprasad Bhatt |
| Address | : | 30, Jankidas Smruti Society-1, Santram Deri Road, Nadiad |
| Mobile No. | : | 9426554334, 9429474840 |
| Choice | : | An Adventurous guy with a career-driven mindset with an outstanding sense of humor. Seeking a like-minded partner for the life journey ahed |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Lankanash |
| Nakshatra | : | Magha |
| Rashi | : | Simha (Leo) |
| Nadi | : | Antya |
| Gan | : | Rakshash |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Mushak |
| Varg | : | - |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Manthan Dave |
| Height | : | 6‘-00’’ |
| Weight | : | 78 Kg. |
| Birth Date | : | 27-08-1995 |
| Birth Time | : | 11.50 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | B.E. (Electrical), M.B.A. (Sales & Markeing) - Symbiosis, Pune |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Sojitra |
| Mother Name | : | Minal Vihang Dave |
| Borther/Sisters | : | 1-Brother, No Sister |
| Maternal Place | : | Gitaben Bhanuprasad Pandya (Nani)-A’bad<br>Rahul B. Pandya (Mama) - A’bad |
| Father | : | Vihang Kiritbhai Dave |
| Address | : | 32, Chandravali Society, Water Tank Road, Karelibaug, Vadodara-390018 |
| Mobile No. | : | 9879108100 (Father), 9274739487 (Mother)<br>7567495526 (Grand Mother) |
| E-mail | : | - |
| Choice | : | - |
| Note | : | Mangal Effect is there |

| | | |
|---|---|---|
| Gotra | : | Chitranas |
| Nakshatra | : | Purva Falguni |
| Rashi | : | Sinha (Leo) |
| Nadi | : | Madhya |
| Gan | : | Manushya |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Rat (Mushak) |
| Varg | : | Shwan |



## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-

| | | | |
|---|---|---|---|
| ૧. | અપૂર્વ રમેશચંદ્ર ભટ્ટ | અમદાવાદ | ૪૯૨૫ |
| ૨. | દેવાંગભાઈ વકીલ | અમદાવાદ | ૪૯૨૬ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## વિશિષ્ટ સહાય ફંડના દાતા

| | | | |
|---|---|---|---|
| ૧. | મહેશભાઈ વ્યાસ | વડોદરા | રૂ. ૫૦૧/- |

## અવસાન નોંધ

- ઉમરેઠના વતની હાલ આણંદ નિવાસી મહેશકુમાર ચીમનલાલ દવેના પત્ની પ્રીતિબેન દવે (ઉ. ૬૬ વર્ષ) સંવત ૨૦૮૦ માગસર માસની અમાવસ્યા તા. ૧૧-૧-૨૦૨૪ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ સદ્ગત આત્માને શાંતિ આપે. મહેશભાઈ દવે તરફથી રૂ. ૩૦૦/- બાજખેડાવાળ પત્રિકાને સ્મૃતિભેટ મળેલ છે.
- મુળ વસો નિવાસી હાલ અમેરીકા રહેતા નિરવભાઈ નવિનચંદ્ર દવેના પુત્ર નિલય નિરવભાઈ દવે તા ૧-૧-૨૪ના માગસર વદ પાંચમના રોજ દેવ લોક પામ્યા છે. પ્રભુ સદગત આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના. દવે પરિવાર નવિનચંદ્ર પરસોત્તમભાઈ દવે અને માલતીબેન નવીનચંદ્ર દવે તરફથી રૂ. ૨૫૧/- સ્મૃતિભેટ મળેલ છે.

## શૈક્ષણિક સમાચાર

- ઉમરેઠ નિવાસી જોષી વિનોદરાય ભલાશંકર (એડવોકેટ)ના પૌત્રી તે જોષી પ્રશાંત વિનોદરાય (પ્રિન્સિપાલ જજ ફેમીલી કોર્ટ - પાટણ) અને ત્રિબંધી જોષીની દિકરી ચિ. વૈભવી ઉંમર વર્ષ ૨૮ ચાલુ વર્ષે માસ્ટર ઓફ ડેન્ટલ સર્જરી (એમ.ડી.એસ.) (પ્રોસ્થોડોન્ટિક્સ એન્ડ મેક્ષિલોફેસિયલ)ની ફાઈનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે. આ નિમિત્તે તેઓ તરફથી રૂ. ૨૫૧/- સંસ્થાને ભેટ મળેલ છે.

## લગ્ન વિષયક ભેટ

- મૂળ ઉમરેઠ અને હાલમાં વડોદરા નિવાસી જવનિકાબેન અને જયદિપકુમાર શેલતની સુપુત્રી ચિ. અલીશાના શુભલગ્ન મૂળ ગોંડલ અને હાલ વડોદરા નિવાસી જ્યોત્સનાબેન અને અરવિંદભાઈ વેદના સુપુત્ર ચિ. ઓમકુમાર સાથે તા. ૩૦-૦૧-૨૦૨૪ના રોજ થયેલ છે. તે નિમિત્તે પત્રિકાને રૂ. ૫૦૧/- ભેટ મળેલ છે.

## સુધારો

- જાન્યુઆરી-૨૦૨૪ પાના નં. ૧૭ પર કુ. પાર્થ કેતનકુમાર દવેના જન્માક્ષર ચિ. પાર્થ કેતનકુમાર દવે વાંચવું.

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/ 2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024
LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024
Published on 27th Every Month

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What's APP પર પત્રિકા મેળવવા માટે

છેલ્લા ઘણાં સમયથી પોસ્ટ ઓફિસમાં પત્રિકા નહી મળવાની તેમજ મોડી મળવાની ફરિયાદો આવે છે. જેમાં સંસ્થા દ્વારા કંઈ પણ કરી શકાય તેવી પરિસ્થિતિમાં નથી. મે–૨૦૨૩ની પત્રિકાના પાના નં. ૪ પર What's APP પર પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે** દ્વારા ધર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્સ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭
**(M) 9898535030, 9974127810**